# યુનિવર્સિટી હસ્તકની જમીનને લગતા પ્રશ્નોની તા.૦૪/૦૭/૨૦૧૪ ના રોજ ૧૬:૦૦ કલાકે મળેલ બેઠકની કાર્યવાહી નોંધ :–

યુનિવર્સિટી હસ્તકના વિવિધ સંશોધન કેન્દ્રો ખાતે જમીનને લગતા કેસો ઉપસ્થિત થયેલ હતા. જેના નિરાકરણ માટે માન. કુલપતિશ્રીની અધ્યક્ષતામાં તા.૦૪/૦૭/૨૦૧૪ ના રોજ મા. કુલપતિશ્રીના સભાખંડમાં મીટીંગ યોજવામાં આવેલ હતી. સૌપ્રથમ સંશોધન નિયામકશ્રીએ સર્વે અધિકારીશ્રીઓને આવકારી મીટીગની શરૂઆત કરવામાં આવેલ હતી. જેમાં માન. કુલપતિશ્રીએ જુદા જુદા સંશોધન કેન્દ્રોની જમીનને લગતી નીચે મુજબની માહિતી તૈયાર રાખવા જણાવેલ છે.

- દરેક કેન્દ્રના વડાઓએ કેન્દ્ર હસ્તકની જમીન નવસારી કૃષિ યુનિવર્સિટીના નામે કરાવી તેના પુરાવા અત્રે રજુ કરવા. (અમલ : દરેક કેન્દ્રના વડાશ્રીઓ)
- ખાસ કરીને શહેરી વિસ્તારમાં આવતા સંશોધન કેન્દ્રોમાં જમીનના દબાણના પ્રશ્નો ઉપસ્થિત થયેલ છે. જેને ધ્યાને લઈ દરેક કેન્દ્રોએ ફરીથી જમીનની માપણી કરાવી તે પ્રમાણેની એન્ટ્રી કરાવવાની કાર્યવાહી હાથ ધરવી. (અમલ : દરેક કેન્દ્રના વડાશ્રીઓ)
- જે કેન્દ્રની જમીન અન્ય હેતુ માટે ફાળવવામાં આવેલ હોય તેટલા વિસ્તારની જમીન કુલ વિસ્તારમાંથી બાદ કરાવી અને તે પ્રમાણે ૭/૧૨ અને ૮ અ માં એન્ટ્રી કરાવવાની રહેશે. (અમલ : દરેક કેન્દ્રના વડાશ્રીઓ)
- દરેક કેન્દ્રોએ ફાર્મની દિવાલ બનાવો ત્યારે ૮ ફુટની ઉંચાઈ જ રાખવાની જણાવેલ છે.
- કેન્દ્રએ તેમના હસ્તકના રીવોલ્વીગ ફંડની આવકમાંથી ફાર્મ ડેવલપમેન્ટ લગતા ખાસ કામો જેવા કે ફાર્મ બાઉન્ડરી ફરતે દિવાલ, ઓફિસ, સ્ટોર, રીનોવેશન અને ફાર્મ રોડ બનાવવા જરૂરી મંજુરી લઈ કાર્યવાહી હાથ ધરવી.
- જે તે કેન્દ્રની જમીનની સાચવણી માટેની સઘળી જવાબદારી ફાર્મના ઈનચાર્જશ્રીની રહેશે.
- જમીનને લગતા કેસો અંગે પ્રાથમિક તબક્કે કેન્દ્રના વડાએ પત્ર વ્યવહાર કરી પ્રશ્ન હલ કરવાના રહેશે અને કેન્દ્રના ઈનચાર્જશ્રીઓ જમીનને લગતા કેસો તેમજ ફાર્મને લગતી માહિતીઓ અંગે અધ્યક્ષશ્રીને સુવિદિત કરવાની રહેશે.

આ મીટીગમાં નીચે મુજબના જમીનને લગતા મુદ્દાઓની ચર્ચા કરી કમીટી દ્વારા નિર્ણય કરવામાં આવેલ છે.

| અ. નં. | પ્રશ્ન | કમીટીનો નિર્ણય | અમલ |
|---|---|---|---|
| ૧ | કોલેજ ફાર્મના સર્વે નં. ૪૫૦, ૪૫૧, ૪૫૨ એકસાલીવાળી જમીન કબજોદારને નામે કરવા બાબત | એકસાલીવાળી જમીન ફરીથી માપણી કરવાનું નકકી કરવામાં આવ્યું. | આચાર્યશ્રી, ન.મ.કૃષિ મહાવિદ્યાલય, કાર્યપાલક ઈજનેરશ્રી, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિકશ્રી, કોલેજ ફાર્મ, ન.કૃ.યુ., નવસારી |
| ૨ | કોલેજ ફાર્મ, નવસારી વિભાગ એફની એકસાલી પટ્ટી પર કબજા પ્રવેશ કરી ફેન્સીંગ તાર તોડવા બાબત | કોલેજ ફાર્મના એફ બ્લેકમાં ફાર્મની બાઉન્ડ્રીની ફેન્સીંગ તાકીદે રીપેર કરવી. | મદદ. સંશો. વૈજ્ઞા.શ્રી, કોલેજ ફાર્મ, નવસારી |
| ૩ | કોલેજ ફાર્મ, નવસારીની હદમાંથી પસાર થતી જલાલપોર વન.આર– માયનોર નહેર પર સર્વિસ રોડ ન બનાવવા બાબત. | જલાલપોર વન.આર–માયનોર નહેર પર સર્વિસ રોડ ન બનાવવા માટે કાર્યપાલક ઈજનેરશ્રી, અંબિકા સબ ડીવિઝન, નવસારીને વિરોધ દર્શાવતા પત્ર દ્વારા ફરીથી જાણ કરવી. | સંશોધન નિયામકશ્રીની કચેરી, નવસારી |
| ૪ | ઘઉં સંશોધન કેન્દ્ર, બારડોલીની ૦.૨૩૦૨ હે.જમીન માપણી બાદ ઓછી થવા બાબત. | સૌપ્રથમ વાંધા દર્શાવતો પત્ર સંબંધિત કચેરીના અધિકારીશ્રીને કરવો તેમજ ફરીથી જમીનની માપણી કરાવવી. | મદદ. સંશો. વૈજ્ઞા.શ્રી, ઘઉં સંશો. કેન્દ્ર, બારડોલી |

| | | | |
|---|---|---|---|
| ૫ | મુખ્ય કપાસ સંશોધન કેન્દ્ર, સુરત ખાતે કોર્ટ ધ્વારા પાર્કીંગ માટે જમીન ફાળવવા બાબત. | તા.૨૩/૬/૨૦૧૪ ના રોજ ગાંધીનગર ખાતે પાર્કીંગ માટે જમીન ન ફાળવવા બાબતે મીટીંગમાં નકકી થયેલ કાર્યવાહી અંગે કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાને પત્ર દ્વારા જાણ કરવી. | સંશો. વૈજ્ઞા., મુખ્ય કપાસ સંશોધન કેન્દ્ર, સુરત |
| ૬ | મુખ્ય કપાસ સંશોધન કેન્દ્ર, સુરત હસ્તકની જમીનના સી.સ.નં. ૧૭૨ થી ૧૮૮ માંથી અઠવા–રાંદેર જોડતા બ્રીજ માટે ૫૨૦૦ ચો.મી. અદલા–બદલી કરવા બાબત. | સંશોધન વૈજ્ઞાનિકશ્રી (કપાસ), સુરતે અદલા બદલીથી મળેલ જમીનનો કબજો નકકી થયેલ શરતો મુજબ તાત્કાલિક લેવો. | સંશો. વૈજ્ઞા., મુખ્ય કપાસ સંશોધન કેન્દ્ર, સુરત |
| ૭ | ફલોરીડા ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ પ્રોજેકટ માટે ૪૫,૦૦૦ ચો.મી જમીન ફાળવવા બાબત. | સરકારશ્રીમાં સદરહું જમીન અંગે પત્રવ્યવહાર કરવા નકકી કરવામાં આવ્યું. | ખેતીવાડી અધિકારી, મુખ્ય કપાસ સંશોધન કેન્દ્ર, સુરત અને કુલસચિવશ્રી, નવસારી |
| ૮ | ડાયમન્ડ બુર્સ માટે અઠવાફાર્મની જમીન ફાળવવા બાબત. | સંશોધન નિયામકશ્રીના તા.૨/૭/૨૦૧૪ ના પત્રથી અગ્ર સચિવશ્રી, કૃષિ અને સહકાર વિભાગ અને માન. કૃષિ મંત્રીશ્રીના રહસ્ય સચિવશ્રીને વિરોધ દર્શાવતો પત્ર પાઠવવામાં આવેલ છે. આ અંગે ફરીથી રીમાઈન્ડર કરવો. | સંશો. વૈજ્ઞા., મુખ્ય કપાસ સંશોધન કેન્દ્ર, સુરત |
| ૯ | મુખ્ય જુવાર સંશોધન કેન્દ્ર, સુરત હસ્તકની જમીનમાં ટી.પી. ૨૭ મુકવામાં આવેલ રીઝર્વેશન દુર કરવા બાબત. | સંશોધન વૈજ્ઞાનિકશ્રી, જુવાર સંશોધન કેન્દ્ર, સુરતએ ટી.પી. ૨૭ માં રીઝર્વેશન દુર કરવા માટે જો કાયદાકીય કાર્યવાહી કરવાની થાય તો તેની અનુમતિ આપવામાં આવે છે. | સંશો. વૈજ્ઞા., મુખ્ય જુવાર સંશોધન કેન્દ્ર, સુરત |
| ૧૦ | સુરત મહાનગરપાલિકા સાથે થયેલ MoU મુજબ ફાર્મના બાકી રહેલ કામોની પ્રગતિ બાબત. | સંશોધન વૈજ્ઞાનિકશ્રી, કપાસ સંશોધન કેન્દ્ર, સુરતએ બાકી રહેલ કામગીરીમાં માટે સમયાંતરે પત્ર વ્યવહાર કરવાનો રહેશે. | સંશો. વૈજ્ઞા., કપાસ સંશોધન કેન્દ્ર, સુરત |
| ૧૧ | કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, ડેડીયાપાડા ખાતે જમીન દબાણ બાબત. | કેન્દ્રના વડાએ જમીનની માપણી ફરીથી કરાવી અત્રે રીપોર્ટ રજુ કરવો. | પ્રોગ્રામ કો–ઓર્ડિનેટરશ્રી, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, ડેડીયાપાડા |

**અધ્યક્ષશ્રીના સ્થાનેથી રજુ કરવામાં આવેલ મુદ્દો :–**

આચાર્યશ્રીઓ (કોલેજ ઓફ એગ્રીકલચર, ભરૂચ અને વઘઈ, અસ્પી બાગાયત–વ–વનીય મહાવિદ્યાલય અને પશુ ચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, નવસારી) એ સંશોધન અને શિક્ષણ માટે જમીનની માંગણી અંગેની દરખાસ્ત અધ્યક્ષશ્રીને કરવાની રહેશે.

અંતમાં સહ સંશોધન નિયામકશ્રીએ સર્વેનો આભાર માની મીટીંગ પૂર્ણ જાહેર કરી.

કુલસચિવશ્રી અને અધ્યક્ષ
ન.કૃ.યુ., નવસારી

જા.નં.નકૃયુ/સં.નિ./જમીન/ટી.૨/ ૨૯૪૮-૬૦૦૨ /૨૦૧૪
તા.૦૫.૦૭.૨૦૧૪

**નકલ સવિનય રવાના : પ્રતિ,**

માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ સારૂ.

**નકલ રવાના : પ્રતિ,**

સર્વે યુનિટ/સબ યુનિટના વડાશ્રીઓ, નવસારી કૃષિ યુનિવર્સિટી તરફ જાણ તથા ઘટતુ થવા સારૂ.